# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી અંતર્ગતની 13 કોલેજોમાં ફી ઘટાડાની રાજ્ય સરકારની જાહેરાત
- સરકારી હોસ્પિટલના તબીબો અને મેડીકલ સ્ટાફના પ્રોત્સાહક ભથ્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો જાહેર
- રાજ્યમાં ચાંદીપુરમ વાયરસને કારણે કુલ 8 બાળકોના મોત, કુલ કેસોની સંખ્યા વધીને 14 થઇ
- મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત વલસાડની કોલાક નદી પરના પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ
- આવતીકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GMERS FEE

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી - GMERSની 13 મેડિકલ કૉલેજ માટે નવું ફી માળખું જાહેર કરાયું છે, જે અનુસાર સરકારી ક્વૉટાની 75 ટકા એટલે કે 1500 જેટલી બેઠકો માટેની ફી ઘટાડીને 3.75 લાખ રૂપિયા, જ્યારે કે મેનેજમેન્ટ ક્વૉટાની બેઠકો માટેની વાર્ષિક ફી 12 લાખ કરવામાં આવી છે. આ પૂર્વે સરકારી ક્વૉટાની બેઠકોની ફી 5.50 લાખ રૂપિયા, જ્યારે મેનેજમેન્ટ ક્વૉટાની ફી 17 લાખ રૂપિયા કરાઈ હતી. જેને લઈને રાજ્યભરમાં મેડિકલના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા ફી ભાવ વધારા સામે દેખાવો કરાયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. વિદ્યાર્થીઓ સંગઠનોએ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકાર્યો છે.

-----------------

# Cabinet Medical staff –insentive

રાજ્ય સરકારે સરકારી હોસ્પિટલના તબીબો અને મેડીકલ સ્ટાફના પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રવક્તામંત્રી ઋષિકેશ પટેલે આજે કેબિનેટ બેઠકમાં લેવાયેલ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોને મળતી આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જે મુજબ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ ટકા,આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં ૩૫ ટકા ,જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓની હોસ્પિટલોમાં ૪૦ ટકા આપશે

મંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યુ હતું કે, અગાઉ PMJAYના કુલ લાભાર્થીઓમાં ફક્ત BPL યાદી વાળા લાભાર્થી પેટે થતી આવક જ આ ભત્થા માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી ,હવે આ યોજનાની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાં આવશે.

-----------------

## CHANDIPURAM MAHISAGAR

મહિસાગર જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસનો કેસ નોંધાયો છે. લુણાવાડા તાલુકાના જુના રાબડીયા ગામે પાંચ વર્ષની બાળકીમાં ચાંદીપુરમના લક્ષણો જોવા મળ્યા હતા. બાળકીને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવતા, સરવાર દરમિયાન તેનું મોત થયું

હતું.  આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે, સ્થાનિક તલાટી અનિલ પરમાર.....

(BYTE- ANIL PARMAR, TALATI)

દરમિયાન મહિસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્ય ટીમ બનાવીને જુના રાબડિયા ગામે સર્વે હાથ ધરાયો હતો. ચાંદીપુરા ના કેસો શંકાસ્પદ છે. ઉલ્લેખનીય છે કે રાજ્યના સરકારના આંકડાઓ પ્રમાણે શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસથી સાબરકાંઠામાં બે, અરવલ્લીમાં 3, મહીસાગર, ખેડા, મહેસાણા અને રાજકોટમાં એક-એક  સહિત કુલ 8 ના મોત થયા છે.  જ્યારે રાજ્યભરમાં કુલ 14 જેટલા કેસ નોંધાયા છે.

-----------------

## BULLET TRAIN BRIDGE

મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વલસાડ જિલ્લાની કોલાક નદી પર પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ થયું છે. આ પુલની લંબાઈ 160 મીટર અને થાંભલાની ઊંચાઈ 14 મીટરથી 23 મીટર સુધીની છે. આ પુલ વાપી અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે આવેલો છે. આ બે સ્ટેશન વચ્ચે ઔરંગા અને પાર નદી પર પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. આ નદી વાલ્વેરી નજીક સાપુતારાની ટેકરીઓમાંથી નીકળે છે અને અરબી સમુદ્રમાં મળે છે. કોલાક નદી વાપી બૂલેટ ટ્રેન સ્ટેશનથી સાત કિલોમીટર અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનથી 43 કિલોમીટર દૂર છે.

----------------------------

## SEOC

ગાંધીનગરના  સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી સપ્તાહ દરમિયાન પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. આવતીકાલથી ૨૨ જુલાઈ સુધી સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા તથા દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદની સંભાવના છે. જે સંદર્ભે સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા તેમણે જણાવ્યું છે.

એન.ડી.આર.એફ.ના અધિકારીએ જણાવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.ની ટીમો સજ્જ છે

-----------------

# GUJARAT DAM - JALASHAY

રાજ્યમાં છેલ્લા 2 દિવસમાં વરસેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં 52 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે 206 જળાશયોમાં 34 ટકાથી વધુનો જળસંગ્રહ થયો છે.

જળસંપત્તિ વિભાગના અહેવાલ મુજબ, આજે સવારે 8 વાગ્યા સુધી સૌરાષ્ટ્રના વાગડીયા, વાંસલ અને સસોઈ-2 એમ ત્રણ જળાશય સંપૂર્ણ છલકાતા હાઈએલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના 5 ડેમ 80 ટકાથી 90 ટકા ભરાતા એલર્ટ પર છે, જેમાં જૂનાગઢના ઓઝત-2 અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-2 તથા ભરૂચના ધોલી ડેમને અલર્ટ અપાયું છે.

જ્યારે જામનગરના ફુલઝર-1, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-2 તથા જામનગરના ફુલઝર (કે.બી.) ડેમ સહિત રાજ્યના કુલ સાત જળાશય 70થી 80 ટકા વચ્ચે ભરાતા ચેતવણી અપાઇ.

----------------------

# ACCIDENT

રાજયમાં આજે થયેલા અકસ્માતના અલગ અલગ બનાવોમાં ઓછામાં ઓછા પાંચ મોત નિપજ્યાં છે.

વલસાડના પારડીના નવેરી ગામે માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજયા  હતા. વલસાડથી અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે , પારડી તાલુકાના નેવરી ગામે નાનાપોન્ઢા પારડી રોડ ઉપર આજે બપોરે થયેલા અકસ્માતમાં નેવરી ગામની બે મહિલાઓ અને કપરાડા તાલુકાનો એક યુવાનના મોત થયા હતા અને રિક્ષા ચાલક ને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

મહિસાગરના લુણાવાડા અમદાવાદ હાઇવે પર અકસ્માત સર્જાતા એક યુવાનનું મોત થયું હતું. ઉપરાંત  છોટા ઉદેપુરના ડુંગરવાંટ ઉચાપાન રોડ પર રેતી ભરેલા ટ્રક અને મોટરસાઇકલ વચ્ચે અકસ્માત સર્જાતા એક યુવાનનું મોત થયુ હતું.

અરવલ્લીથી અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે , શામળાજીના ખોડંબા પાસે બસ અને કારવચ્ચે થયેલા  અકસ્માતમા કારમાં સવાર ત્રણ પોલીસ કોન્સ્ટેબલ સહિત પાંચને ઇજા થઈ હતી.

----------

## DAHOD DENGUE MONTH

ડેન્ગ્યુ વિરોધી માસ ઉજવણી અંતર્ગત દાહોદ જિલ્લામાં આરોગ્ય શિક્ષણ-જનજાગૃતિ ઝુંબેશનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા દરેક ગામોમાં ઘર ઘર જઈને તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

દરમિયાન જો કોઈ તાવના દર્દી જણાય તો લોહીના નમૂના લઈ સ્થળ પર જ સારવાર કરવામાં આવે છે. ઉપરાંત જરૂરિયાત મુજબ પાણીના ટાંકામાં એબેટ નામની દવા પણ નાખવામાં આવે છે. સાથે જ ડેન્ગ્યૂ મચ્છર ન થાય એ માટે નાગરિકોને તાકેદારીના પગલાં વિશેની માહિતી આપવામાં આવી રહી છે.

.................................

## H TAT PROTEST

રાજ્યભરમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોએ પડતર માગોને લઈને સત્યાગ્રહ છાવણીમાં ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે.

HTAT શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવા તેમજ બાલવાટિકાથી ધોરણ 8ની જે શાળાઓમાં 150 વિદ્યાર્થીઓ હોય, તેવી શાળાઓમાં એક HTAT મુખ્ય શિક્ષક આપવાની સહિતની વિવિધ પડતર માંગણીઓને લઈને તેઓ વિરોધ કરી રહ્યા છે. શિક્ષકોનું કહેવું છે કે 2012માં કેડર અસ્તિત્વમાં આવી હોવા છતાં ટ્રાન્સફર નિયમોની રચના નથી કરાઈ, ઉપરાંત ગ્રેડ પે, કામ સામે વધારાના લાભ સહિતના પ્રશ્નોને લઈને તેઓ ઉપવાસ પર બેઠા છે. અગાઉ શિક્ષણમંત્રીની અપીલ બાદ પણ શિક્ષકોએ આ આંદોલન યથાવત રાખ્યું છે.

-----------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે બીએડના તાલીમાર્થીઓ માટે 'વિશ્વ વસ્તી શિક્ષણ' સંદર્ભે એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું.
- ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને એન. સી. ચૌહાણના સયુંકત ઉપક્રમે કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 21 મી જુલાઈએ નડીયાદ ખાતે "સ્વરાંજલી" કાર્યક્રમ યોજાશે.
- વડોદરામાં NCPCR દ્વારા 'બાળ સુરક્ષા' વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ, જેમાં જિલ્લાની વિવિધ શાળાઓના ૧૩૦ જેટલા તાલીમાર્થીઓને બાળકોના સુરક્ષા અને અધિકારો વિશે માહિતી આપવામાં આવી.
- મહેસાણા ખાતે જિલ્લા સ્તરની સહકાર સમિતિની બેઠક યોજાઈ, જેમાં ઇટ રાઇટ ઇનિશિયેટિવ અંતર્ગત ભારતીય ખાદ્ય સુરક્ષા અને પ્રમાણન સંસ્થા દ્વારા મહેસાણા જિલ્લાને વિવિધ ક્ષેત્રોમાં ૭ જેટલા સર્ટિફિકેટ જાહેર કરાયા હતા.
- સાબરકાંઠા જિલ્લામાં ઇડર તાલુકાના લેઇ ગામે પ્રાકૃતિક ખેતી માટેની તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મહત્વના ખાતર એવા ઘનામૃત અને જીવામૃત વિશે ચર્ચા કરવામાં આવી.
- પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત મિયાસ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેરાલુ તાલુકાના મિયાસના ગામ ખાતે પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી.